દાખલ તારીખ : ૧૫–૦૩–૨૦૧૭

નોંધ્યા તારીખ : ૧૫–૦૩–૨૦૧૭

ફેસલ તારીખ : ૧૬–૦૩–૨૦૨૬

સમય ગાળો :

૦૯ –વર્ષ ૦૦–માસ ૦૧–દિવસ

**મે.કઠલાલના પ્રિન્સીપાલ સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ.કઠલાલ.**
**રેગ્યુલર દિવાની મુકદમા નં.૧૭/૨૦૧૭**

**વાદીઃ–** **કાંતિભાઈ ઉર્ફે સુરેશભાઈ નાથાભાઈ બ્રહ્મભટ્ટ**
**ઠે.બારોટવાડો, મુ.અનારા, તા.કઠલાલ, જી.ખેડા.**

**વિરૂધ્ધ**

**પ્રતિવાદીઃ–** **સફીમીયાં ઉસ્માનમીયાં મલેક**
**ઠે.મોટા કુવા પાસે, ઝાલભાઈની મુવાડી,**
**તા.મહેમદાવાદ, જી.ખેડા.**

---

**વાદી તરફે** **વિ.વ.શ્રી એસ. પી. સોઢાપરમાર**
**પ્રતિવાદી તરફે** **એકતરફી**

---

**દાવોઃ–** **રૂા.૨,૨૫,૦૦૦/– ના આંકથી**

**ઠરાવ**

(૧) આ કામે વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી દાવામાં જણાવેલ સરનામે રહી ખેતી કરી ગુજરાન ચલાવે છે. પ્રતિવાદીને આજથી દસ માસ અગાઉ ભેંસોની ખરીદી કરવા સારૂ વાદીના ગામે અનારા મુકામે આવેલા અને પ્રતિવાદીએ વાદી પાસે એક ભેંસ રૂા.૨૯,૦૦૦/– માં ખરીદેલ અને બીજા દિવસે પ્રતિવાદી ફરીથી ભેંસો ખરીદવા માટે અનારા ગામે આવેલા અને વાદીને જણાવેલ તમારા વિસ્તારમાં બીજા કોઈની ભેંસો હોય તેઓને જણાવો,

જેથી તેમનો વેપાર વધે, જેથી વાદીએ તેઓના ગામના તથા આજુબાજુના ઓળખીતા ખેડુતોની બીજી ત્રણ ભેંસો રૂા.૬૮,૦૦૦/– માં વાદીએ આ કામના પ્રતિવાદીને અપાવેલ અને તે સમયે વાદીની ભેંસના પૈસા તથા બીજા ત્રણ ભેંસો અપાવેલ તેના પૈસા ચારેક દિવસમાં આપી દેવાનો પ્રતિવાદીએ વાયદો કરેલો અને વાયદા પ્રમાણે પ્રતિવાદીએ વાદીની ભેંસની વેચાણ કિંમત રૂા.૨૯,૦૦૦/– તથા અન્ય ત્રણ ભેંસોની વેચાણ કિંમતના રૂા.૬૮,૦૦૦/– વાયદા પ્રમાણે આપી ગયેલા. ત્યારબાદ પ્રતિવાદી અવાર–નવાર વાદીના ગામમાં તથા આજુબાજુના ગામે ભેંસોના વેપાર સારૂ આવતા હોય પ્રતિવાદી સાથે વાદીએ મિત્રતા બંધાયેલ અને તે મિત્રતાના કારણે વિશ્વાસના સંબંધો બંધાયેલા, જેથી પ્રતિવાદીને વાદીના વિસ્તારમાં કોઈને પણ ભેંસ ખરીદવાની હોય કે વેચવાની હોય તો પ્રતિવાદીને જણાવતા હતા. ત્યારબાદ ગયા જુલાઈ–૨૦૧૬ના માસમાં વાદીના ગામની નજીક આવેલ બાજકપુરાના ભરતભાઈ કાભઈભાઈ તથા ઢાંકણીયા મફતભાઈ ગાંતાભાઈનાઓની પાસેથી પ્રતિવાદીએ પાંચ ભેંસોનો સોદો કરેલ અને તે સમયે વાદીના જમાઈ હરીશભાઈ કીરીટભાઈ બારોટ કે જે પેટલાદ તાલુકાના વટાઉ મુકામે રહે છે તેઓની પણ ત્રણ ભેંસોનો સોદો કરેલ અને તે સમયે વાદી અને પ્રતિવાદીના સંબંધના કારણે પ્રતિવાદી વાદીના ઘરે આવેલા અને જણાવેલ કે તેઓને ખરીદેલ ભેંસોના વેચાણ કિંમતની રકમ આપવાનો વાયદો આવી ગયો છે અને તેઓને હજુ આગળના પૈસા આપેલા નથી, જેથી પ્રતિવાદીએ વાદી પાસે તે સમયે રૂા.૧,૭૫,૦૦૦/– હાથ ઉછીના માંગેલા અને પ્રતિવાદી સાથે વિશ્વાસ અને મિત્રતાના કારણે વાદીએ પ્રતિવાદીને સદર રકમ બીજે દિવસે વ્યવસ્થા કરી આપેલ અને સદર રકમ દસ દિવસમાં પરત આપવાનો વાયદો કરી લઈ ગયેલા. ત્યારબાદ તેના ત્રણ દિવસ બાદ પ્રતિવાદીએ વાદીને ફરીથી ફોન કરી જણાવેલ કે, તેઓને ધંધા માટે હજુ રૂા.૫૦,૦૦૦/– ની જરૂર છે તેમ કહી વાદી પાસેથી ફરીથી હાથ ઉછીની રકમની માંગણી કરેલ પરંતુ વાદીએ પ્રતિવાદીને જણાવેલ કે તેઓની પાસે પૈસા છે, પરંતુ ત્રણેક માસ બાદ તેમના દિકરાના લગ્ન લેવાના હોઈ તેઓ વધારે રકમ આપી શકે તેમ નથી, જેથી પ્રતિવાદી અનારા મુકામે વાદીના ઘરે

આવેલા અને જણાવેલ કે તેઓની ઉપર વિશ્વાસ રાખો અને તેઓ પાસેથી અગાઉ લીધેલા રૂા.૧,૭૫,૦૦૦/− અને હાલના રૂા.૫૦,૦૦૦/− તેઓને વાયદા પ્રમાણે પરત કરી દેશે તેમ કહી વાદીને વિશ્વાસમાં લીધેલા અને વાદીએ તે દિવસે પ્રતિવાદીને રૂા.૫૦,૦૦૦/− રોકડા હાથ ઉછીના આપેલા. આમ કુલે રૂા.૨,૨૫,૦૦૦/− અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા પ્રતિવાદી વાદી પાસેથી હાથ ઉછીની લઈ ગયા બાદ પ્રતિવાદીના વાયદા પ્રમાણે ઉપરોકત રકમની માંગણી કરતા પ્રતિવાદીએ જણાવેલ કે તેઓની પાસે પુરતા નાણાંની વ્યવસ્થા થયેલ નથી, તેઓને ઉઘરાણી બાકી છે, જેથી અઠવાડીયા પછી આપી દઈશ, જેથી વાદીએ અઠવાડીયા પછી ફરીથી માંગણી કરેલ, જેથી પ્રતિવાદી પાસે પૈસાની સગવડ ન હોઈ તેઓએ વાદીને જણાવેલ કે, જો તમને વિશ્વાસ ન હોય તો તમને પ્રોમિસરી નોટ લખી આપે છે, જેથી પ્રતિવાદીએ બીજા દિવસે વાદીના ઘરે મકસુદભાઈ ઉર્ફે કાલુભાઈ કાસમભાઈ મલેકનાઓને લઈ આવેલા અને જણાવેલ કે તમારો કોઈ સાક્ષી બોલાવી લો હું તમને તમારી કાયદેસરની રકમ અઠવાડીયામાં પરત આપી દઈશ તે બાબતની પ્રોમીસરી નોટ લખી આપુ છું, જેથી તે સમયે વાદીના ગામના નિલેશભાઈને બોલાવેલા અને તે સમયે પ્રતિવાદીએ સાક્ષી રૂબરૂ તા.૨૫−૦૯−૨૦૧૬ના રોજ રૂા.૨,૨૫,૦૦૦/−ની પ્રોમીસરી નોટ લખી આપેલ અને તમને તમારી રકમ અઠવાડીયામાં મળી જશે તેવો પાકો વિશ્વાસ અને ભરોસો આપેલ. ત્યારબાદ પ્રતિવાદીના વાયદા પ્રમાણે તેઓની ઉપરોકત રકમની માંગણી કરતા પ્રતિવાદીએ ગલ્લા તલ્લા કરતા કોઈપણ બહાને વાદીને પૈસા આપવાનું ટાળતા હતા અને પ્રતિવાદીએ વાદીને પૈસા આપેલા નહીં, જેથી વાદીના દિકરાનું લગ્ન નક્કી કરેલ અને પૈસા ન હોવાના કારણે તેનું લગ્ન તેઓને તોડવું પડેલ, જેથી પ્રતિવાદીએ વાદીની કાયદેસરની રકમ ન આપતા વાદી સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરેલ હોય પ્રતિવાદીને વાદીએ તેઓના વકીલશ્રી મારફતે તા.૨−૧૨−૨૦૧૬ના રોજ નાણા વસુલ મેળવવા નોટીસ આપેલી, જે નોટીસ પ્રતિવાદીને તા.૭−૧૨−૨૦૧૬ના રોજ મળી ગયેલ હોવા છતાં પ્રતિવાદીએ વાદીની નોટીસનો કોઈ જવાબ આપેલ નહીં કે નોટીસમાં જણાવ્યા મુજબની હાથ ઉછીની રકમ

વાદીને ચુકવી આપેલ નહીં અને નોટીસ મળવા છતાં પ્રતિવાદીએ વાદીને ગુન્હાહીત ધમકીઓ આપી રહેલ છે, જેથી આ દાવો દાખલ કરવાની જરૂર પડી છે. વધુમાં વાદીએ દાદ માંગેલ છે કે, પ્રતિવાદીઓ પાસેથી તથા તેમની જાતથી તેમની હર કોઈ પ્રકારની મિલ્કતથી વાદીની લ્હેણી નીકળતી રકમ રૂા.૨,૨૫,૦૦૦/– પુરા દાવાની તારીખથી વસુલ થતા સુધી ૧૮% ચઢતા વ્યાજ સહિત તથા તમામ ખર્ચ સહિત વસુલ અપાવવા વાદીના લાભમાં હુકમનામુ કરી આપવા અરજ ગુજારેલ છે.

**(૨)** પ્રતિવાદીને દાવાનો સમન્સ બજતા પ્રતિવાદી આ કામે હાજર થયેલ નહીં, પરંતુ પ્રતિવાદીને ઘણી તક આપવા છતાં પ્રતિવાદીએ લેખિત જવાબ રજુ નહીં કરતા પ્રતિવાદી સામે દાવો એકતરફી ચલાવવાનો આંક–૧ નીચે હુકમ કરવામાં આવેલ હતો.

**(૩) <u>મુદ્દા તથા તેના નિર્ણયોઃ–</u>**

આ દાવાના ન્યાયિક નિર્ણય માટે અમોના અગાઉના પૂરોગામી વિધ્વાન જજશ્રીનાઓ દ્વારા આંક–૧૫ થી નીચે મુજબ મુદ્દા કાઢેલા છે.

| | |
|---|---|
| મુદ્દા નં.૧ | શું વાદી પુરવાર કરે છે કે, તેઓએ પ્રતિવાદીને પ્રોમિસરી નોટના આધારે રકમ રૂા.૨,૨૫,૦૦૦/– પુરા ઉછીના આપેલા છે ? |
| મુદ્દા નં.૨ | શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ ઉપરોકત રકમની ચુકવણીમાં બેદરકારી દાખવેલ છે ? |
| મુદ્દા નં.૩ | શું વાદી પુરવાર કરે છે કે, તેઓ ઉપર મુજબની રકમ વસુલવા તેમજ તેના ઉપર વ્યાજ મેળવવા હક્કદાર છે ? જો હા તો વ્યાજ કેટલા ટકાના દરે ? |
| મુદ્દા નં.૪ | શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હક્કદાર છે ? |
| મુદ્દા નં.૫ | શું હુકમ અને હુકમનામું ? |

**(૪)** આ કામે વાદીએ પોતાની દાવા અરજીના સમર્થનમાં નીચે મુજબના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## મૌખિક પુરાવા

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૮ | વાદી તરફે કાન્તીભાઈ ઉર્ફે સુરેશભાઈ નાથાભાઈ બ્રહ્મભટ્ટની સરતપાસની એફીડેવીટ |

## દસ્તાવેજી પુરાવા

| ક્રમ નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૨૪ | પ્રતિવાદીએ વાદીને તેઓની લ્હેણી નીકળતી રકમ રૂા.૨,૨૫,૦૦૦/–ની પ્રોમીસરી નોટ અસલ |
| ૨. | ૨૫ | વાદીએ પ્રતિવાદીને વકીલશ્રી મારફતે મોકલેલ રજી.એ.ડી.ની આપેલ નોટીસની ઓફીસ કોપી |
| ૩. | ૨૬ | વાદીએ પ્રતિવાદીને મોકલેલ નોટીસની રજી.એ.ડી. પોસ્ટ કરેલ તેની પૈસા ભર્યાની સફેદ પાવતી |
| ૪. | ૨૭ | પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ તેની પોસ્ટ ખાતાની પરત ફરેલ એકનોલેજમેન્ટ અસલ |

આ કામે વાદી તરફથી આંક–૨૮ થી કલોઝીંગ પુરસીસથી વધુ કોઈ મૌખિક કે લેખિત પુરાવો આપવો નથી તેવું જાહેર કરતા સબબ કામ પ્રતિવાદીના પુરાવા સારૂ રાખવામાં આવેલ છે.

(૫) પ્રતિવાદી તરફે આ કામે કોઈ પુરાવો રજુ ન થતા પ્રતિવાદીઓનો પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

(૬) આ કામે વાદીના વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળી.

(૭) આ કામમાં રજુ થયેલ મૌખિક અને લેખિત પુરાવા તથા કાયદાના પ્રબંધો લક્ષમાં રાખતા ઉપરોકત મુદ્દા માટેના નિર્ણયો નીચે મુજબ છે.

| | |
|---|---|
| **મુદ્દા નં.૧** | હકારમાં, |
| **મુદા નં.૨** | હકારમાં, |
| **મુદ્દા નં.૩** | અંશતઃ હકારમાં, |
| **મુદ્દા નં.૪** | અંશતઃહકારમાં, |
| **મુદ્દા નં.૪** | આખરી હુકમ મુજબ |

## કારણો

**(૮) પક્ષકારો તરફે રેકર્ડ ઉપર રજુ કરવામાં આવેલ પુરાવાઓના આધારે વિવરણ:-**

પુરાવો તથા સાબિતી આ બન્ને શબ્દો પ્રથમ દર્શને એકસરખો અર્થ ધરાવતા હોઈ તેમ જણાય. વાસ્તવમાં પુરાવાનો બોજો કોઈ પક્ષકાર પર હોતો નથી, પરંતુ સાબિતીનો બોજો પક્ષકાર ઉપર હોય છે. સાબિતી એટલે કે પુરાવાની અસર એમ કહી શકાય તેમજ સાબિતી એટલે પુરવાર થવું તે એટલે કે, "**PROVED**" કોઈ હકીકત સાબિત થાય તેમાં મૌખિક કે દસ્તાવેજી પુરાવો હોય તેમજ કેટલાક અનુમાનોના કારણે કોઈ બાબત કે હકીકત સાબિત થાય, કેટલીક હકીકતોની ન્યાયિક નોંધ લેવામાં આવે છે. પક્ષકારોની સ્વીકૃતિ કે કબુલાતોના કારણે કેટલીક હકીકતો સાબિત થાય છે તેમજ સાબિતીમાં વાસ્તવિક પુરાવો આવે તથા અદાલતે કરેલ સ્થળ કે મિલ્કતનું નિરીક્ષણ કોઈ મિલ્કતની હકીકતની સાબિતીમાં મહત્વનો ભાગ ભજવે છે. આમ, સમગ્રપણે જોતા સાબિતીમાં પુરાવા સિવાય પણ અમુક બાબત હોઈ શકે કે જે કારણે સાબિતી શબ્દ પુરાવા કરતા વિશાળ અર્થ ધરાવે છે અને સાબિતી એટલે અદાલત કોઈ હકીકતનું અસ્તિત્વ કે બિન અસ્તિત્વ પુરાવા અધિનિયમની **કલમ-3** મુજબ માને છે.

ફોજદારી કાર્યવાહી તથા દિવાની કાર્યવાહીમાં સાબિતીના બોજાની માત્રામાં તફાવત હોય છે. ફોજદારી કાર્યવાહીમાં આરોપીએ જે ગુનો કર્યો છે તે હકીકત વ્યાજબી શંકાથી પર અને તેવી એક માત્ર સંભવિતતા એટલે કે, સંભવિતતાની અત્યંત ઉંચી માત્ર તે શ્રેષ્ઠ સાબિતી ગણાય તથા ગુનો સાબિત કરવા માટે તે અપેક્ષા રાખવામાં આવે છે અને માત્ર સંભવિતતાના કારણે ગુનો પુરવાર કરવાનો બોજો ફોજદારી કાર્યવાહીમાં સામાપક્ષ ઉપર ખસતો નથી, જયારે દિવાની કાર્યવાહીમાં સંભવિતતા પ્રસ્થાપિત કરવામાં આવે ત્યારે સાબિતીનો બોજો સામા પક્ષ ઉપર જાય છે અને તેવી પ્રસ્થાપિત થયેલી સંભવિતતાનું ખંડન કરવામાં ન આવે તો તેના આધાર ઉપર નિર્ણય કરી શકાય છે. આમ, દિવાની કાર્યવાહીમાં "**PRE PONDERANCE OF PROBABILITY**" ના સિદ્ધાંત મુજબ સાબિતીનો બોજો રહેલ છે.

**ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧** જોવામાં આવે તો તેમાં સાબિતીનો બોજો કોના ઉપર છે તે અંગે જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ "**કોઈપણ (વ્યક્તિ) ઈચ્છતી હોય કે, પોતે પ્રતિપાદન કરે છે તે હકીકતોના અસ્તિત્વના આધાર પરથી કોઈ અદાલત કોઈ કાનૂની અધિકાર અથવા જવાબદારી અંગે ચુકાદો આપે તેને તે હકીકત અસ્તિત્વમાં છે તેમ સાબિત કરવું પડે.**

**જયારે કોઈ હકીકતોનું અસ્તિત્વ સાબિત કરવા એક વ્યક્તિ બંધાયેલી હોય ત્યારે એમ કહેવાય કે, તે વ્યક્તિ ઉપર સાબિતીનો બોજો છે.**"

આમ, ઉપરોકત પુરાવાના મુલ્યાંકનના સિદ્ધાંતો તેમજ સાબિતીના બોજા અંગેની જોગવાઈ ધ્યાને લઈ નીચે મુજબ મુદ્દાઓના નિર્ણયના કારણોની ચર્ચા કરવામાં આવેલ છે.

(૯) ઉપરોકત મુદ્દાઓના મારા જવાબના કારણો નીચે મુજબ છે.

**<u>કારણો</u>**

**<u>મુદ્દા નં.૧, ૨ની ચર્ચાઃ-</u>**

સદર કામે મુદ્દા નં.૧, ૨ એકબીજા સાથે સંકળાયેલ હોઈ ચર્ચાનું પુનરાવર્તન ટાળવા સારૂ મુદ્દા નં.૧, ૨ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે.

આમ, વાદીના પ્લીડીંગ્સ તેમજ રજુ કરેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી વાદીએ પુરવાર કરવું પડે કે, તેઓએ આ કામના પ્રતિવાદીને પ્રોમીસરી નોટના આધારે રૂા.૨,૨૫,૦૦૦/- ઉછીના આપેલ છે અને તે રકમ પ્રતિવાદીએ ચુકવણી કરવામાં બેદરકારી દાખવેલ છે.

**(૧૦)** વાદી તરફે પોતાના દાવાના સમર્થનમાં આંક-૧૮ થી વાદી કાન્તીભાઈ ઉર્ફે સુરેશભાઈ નાથાભાઈ બ્રહ્મભટ્ટની સોગંદ ઉપર સરતપાસ રજુ કરવામાં આવેલ છે, જેમાં વાદીએ તેઓની આંક-૧ની દાવા અરજીની હકીકતને સમર્થન કરેલ છે, જેથી પુનરાવર્તન ટાળવાના હેતુથી અત્રે તેની વિસ્તૃત ચર્ચા ટાળવામાં આવે છે. ટુંકમાં વાદીએ તેઓની આંક-૧૮ની સોગંદ ઉપરની સરતપાસમાં આંક-૧ની દાવા અરજીને સંપૂર્ણ સમર્થનકારી પુરાવો આપેલ છે. વિશેષમાં વાદીએ આંક-૨૪ થી આંક-૨૭ સુધી રજુ કરેલ દસ્તાવેજોને સમર્થન આપેલ છે.

**(૧૦.૧)** વાદી તરફે આંક-૨૪ થી આંક-૨૭ સુધી દસ્તાવેજો રજુ કરેલ છે. વાદી તરફે રજુ ઉપરોકત દસ્તાવેજી પુરાવા વંચાણે લેવામાં આવે તો તેવી હકીકત જણાઈ આવે છે કે, પ્રતિવાદીએ વાદી પાસેથી હાથ ઉછીની રકમ રૂા.૨,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા) મેળવેલ હતા અને જે બાબતેની પ્રોમીસરી નોટ આંક-૨૪ થી રજુ કરેલ છે, જે પ્રોમીસરી નોટ ધ્યાને લેતા લખી લેનાર તરીકે કાન્તીભાઈ ઉર્ફે સુરેશભાઈ નાથાભાઈ એટલે કે આ કામના વાદીનું નામ તથા લખી આપનાર તરીકે સફીમીયા ઉસ્માનમીયા મલેક એટલે કે આ કામના પ્રતિવાદીનું નામ સ્પષ્ટપણે જણાઈ આવે છે. તે પ્રોમીસરી નોટમાં રૂા.૨,૨૫,૦૦૦/- પુરા રોકડા ઉછીના લીધેલ છે તેવું પ્રોમીસરી નોટ તૈયાર કરી તે પ્રોમીસરી નોટમાં

પ્રતિવાદીની સહી તથા અન્ય સાક્ષીની સહી હોવાનું જણાઈ આવે છે અને તે પ્રોમીસરી નોટમાં રેવન્યુ સ્ટેમ્પ પણ લગાવેલ હોવાનું જણાઈ આવેલ છે. આમ, વાદી તરફે રજુ કરેલ અસલ પ્રોમીસરી નોટના આધારે એ હકીકત પુરવાર થાય છે કે, આ કામના પ્રતિવાદીએ વાદી પાસેથી હાથ ઉછીના રૂા.૨,૨૫,૦૦૦/– તા.૨૫–૦૯–૨૦૧૬ (રવિવાર)ના દિવસે મેળવી પ્રોમીસરી નોટ લખી આપેલ હતી.

વાદીએ આંક–૨૫ થી આ કામના પ્રતિવાદીને વકીલ મારફતે રજી.એ.ડી. દ્વારા મોકલેલ નોટીસ રજુ કરેલ છે. જે નોટીસમાં પણ દાવા મુજબની હકીકત તથા આ કામના વાદીએ તા.૨૫–૦૯–૨૦૧૬ના રોજ રૂા.૨,૨૫,૦૦૦/– ની રકમ પ્રતિવાદીને આપેલ હોવાનું અને તે બાબતે પ્રતિવાદીએ પ્રોમીસરી નોટ લખી આપેલ હોઈ જેથી તે નોટીસ આપી પ્રતિવાદીને તે રકમ રોકડામાં ચુકવી આપી સાક્ષી રૂબરૂ લખી આપેલ પ્રોમીસરી નોટ પરત લઈ વાદી પાસેથી પૈસા મળ્યાની પાકી પહોંચ લઈ જવા બાબતેની હકીકત તે નોટીસમાં જણાવેલ છે. વાદી દ્વારા આંક–૨૬ થી તે નોટીસની રજી.એ.ડી.ની પૈસા ભર્યાની સફેદ પાવતી રજુ કરેલ છે તથા આંક–૨૭ થી પ્રતિવાદીને નોટીસ બજી ગયેલ તેની પોસ્ટ ખાતાની અસલ એકનોલેજમેન્ટ રજુ કરેલ છે.

ઉપરોકત હકીકતો ધ્યાને લેતા વાદીએ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાની પુરાવા અધિનિયમ ૧૦૨ અને ૧૦૩ મુજબ દાવાની હકીકતો પુરવાર કરેલ છે. તેમજ આ કામના પ્રતિવાદીએ વાદી પાસેથી હાથ ઉછીની રકમ લીધેલ હોવાનું ફલીત થાય છે. વધુમાં રજુ થયેલા તમામ દસ્તાવેજો ધ્યાને લેતા પ્રતિવાદીએ હાથ ઉછીની રકમ લીધેલ હોવાનું તેમજ અને તેમ છતાં પાછળથી તે ચુકવણી કરેલ ન હોવાનું જણાઈ આવે છે. તેમજ વાદીની પ્રિતવાદી પાસે દાવામાં જણાવેલ રકમ લેણી પેટે બાકી નીકળતી હોવાનું પુરવાર થાય છે. જે તમામ રકમ આપવાની પ્રતિવાદી તરફે કોઈ જ તૈયારી દર્શાવેલ હોય તેવું જણાતું નથી. આ કામના પ્રતિવાદીએ વાદી તરફે રજુ કરેલ દસ્તાવેજો ખોટા છે અથવા તો તેઓએ કોઈ હાથ ઉછીની રકમ લીધેલ નથી તેવો કોઈ બચાવ કરવા તેઓને દાવાનો સમન્સ તેમજ વાદી દ્વારા આપવામાં

આવેલ નોટીસ બજી ગયેલ હોવા છતાં દાવા અરજીનો કોઈ જવાબ આપેલ નથી કે તેઓ તરફે કોઈ રજુ થયેલ દસ્તાવેજો કરતા વિરૂધ્ધનો પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

પ્રતિવાદીઓ તરફે વાદીના આ પુરાવાને પડકારવામાં આવેલ નથી, તેમજ વાદીના પુરાવાની હકીકતથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવવામાં આવેલ નથી, ત્યારે વાદીએ રજુ રાખેલ સોગંદ પરનો પુરાવો તથા દસ્તાવેજી પુરાવો ન માનવાને કોઈ કારણ જણાઈ આવતું નથી, ત્યારે વાદી બેંક તે પુરવાર કરવામાં સફળ રહેલ છે કે,

વાદીએ આ કામના પ્રતિવાદીને ઉછીની રકમ રૂા.૨,૨૫,૦૦૦/- તા.૨૫-૦૯-૨૦૧૬ના રોજ આપેલ હોવાનું અને તે બાબતે પ્રતિવાદીએ પ્રોમીસરી નોટ કરેલ હોવાનું સાબિત થાય છે. જે હકીકતને પ્રતિવાદીઓ દ્વારા પડકારવામાં આવેલ નથી કે તેઓ દ્વારા કોઈ પુરાવો પણ રજુ કરવામાં આવેલ નથી. વધુમાં પ્રતિવાદી દ્વારા તે રકમ પરત આપી દીધેલ હોય તેવું પણ કઈ રેકર્ડ પર આવેલ ન હોઈ જેથી આ કામના પ્રતિવાદીએ વાદીને હાથ ઉછીની રકમ રૂા.૨,૨૫,૦૦૦/- ચુકવી આપેલ ન હોવાનું પુરવાર થાય છે. જેથી ઉપરોકત વિગતે **મુદ્દા નં.૧ અને ૨નો જવાબ "હકાર"માં આપું છું.**

**(૧૧) <u>મુદ્દા નં.3ની ચર્ચાઃ-</u>**

**(૧૧.૧)** હવે, આ કામે વાદી કઈ રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર છે અને તે વ્યાજ ક્યારથી અને કેટલું હોવું જોઈએ ? તે અંગે જોવામાં આવે તો, જયારે અને જેટલે સુધી હુકમનામું નાણાં આપવા માટેનું હોય, ત્યારે અને તેટલે સુધી કોર્ટને જે મુદ્દલ રકમ ફેસલાથી નક્કી થઈ હોય તેની ઉપર, દાવો માંડ્યા પહેલાથી કોઈ મુદ્દતનું વ્યાજ નક્કી થયું હોય તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમનામાની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તે દરે વ્યાજ અને તેની સાથે આવી મુદ્દલ રકમ પર હુકમનામાની તારીખથી ચુકવણીની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક છ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો કોર્ટ હુકમનામામાં હુકમ કરી શકશે, આ કામે વાદી દ્વારા પોતાની દાવા અરજીમાં પ્રતિવાદી પાસેથી લેણી નીકળતી રકમ રૂા.૨,૨૫,૦૦૦/- (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર

પુરા)ની રકમ પર ૧૮% ના ચડત વ્યાજ સહિત વસુલ મેળવવા દાદ માંગેલી છે. ત્યારે દિવાની કાર્યરિતી સંહિતાની કલમ–૩૪ જોવામાં આવે તો તેમાં વ્યાજ અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે. તે જોગવાઈ અનુસાર હુકમનામું નાણાં આપવા માટેનું હોય ત્યારે કોર્ટે જે મુદ્દલ રકમ ફેંસલાથી નક્કી થયેલ હોઈ તેના ઉપર દાવો માંડ્યાની પહેલાની કોઈ મુદ્દલનું વ્યાજ નક્કી થયું હોય તે વ્યાજ ઉપરાંત દાવાની તારીખથી તે હુકમાનામાની તારીખ સુધીનું તેની સાથે મુદ્દલ રકમ ઉપર હુકમનામાની તારીખથી ચુકવણી તારીખ સુધીનું અથવા તેનાથી પહેલાની તારીખ સુધીનું પોતાને વ્યાજબી લાગે તેટલું વાર્ષિક ૬ ટકા કરતા વધારે ન હોય તેવા દરે વધારે વ્યાજ અપાવવાનો હુકમ કરી શકશે અને વધુમાં એવી જોગવાઈ કરવામાં આવેલી છે કે, એવી ઠરાવેલ રકમના સંબંધમાં પક્ષકારો વચ્ચે લેવડ–દેવડમાંથી જવાબદારી ઉભી થઈ હોય તો વ્યાજનો દર વર્ષે ૬ ટકા કરતા વધુ રહી શકશે, જેથી હાલનાં પ્રવર્તમાન બેંક વ્યાજ દર મુજબ વાદી કંપની પોતાની બાકી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હક્કદાર હોવાનું અત્રેની અદાલતનું માનવું હોય જેથી વાદી પોતાની લેણી રકમ રૂા.૨,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા) ની રકમ ઉપર વસુલ મળતા સુધી વાર્ષિક ૬ ટકા લેખે વ્યાજ પ્રતિવાદીઓ પાસેથી મેળવવા હક્કદાર છે. જેથી ઉપરોકત વિગતે **મુદ્દા નં.૩નો જવાબ અંશતઃ હકારમાં ઠરાવેલ છે.**

**<u>(૧૨) મુદ્દા નં.૪ અંગે ચર્ચાઃ–</u>**

આમ, ઉપરોકત મુદ્દાઓના આધારે પક્ષકાર તરફે રેકર્ડ ઉપર રજુ કરેલ પુરાવાના આધારે તેમજ ઉપરોકત કરેલ જુદી જુદી ચર્ચાઓને આધારે આ કામના વાદીએ પ્રતિવાદીને પ્રોમીસરી નોટના આધારે રૂા.૨,૨૫,૦૦૦/– પુરા ઉછીના આપેલ હોવાનું પુરવાર થતું હોઈ મુદ્દા નં.૧નો જવાબ "હકાર"માં આપવામાં આવે છે તથા આ કામના પ્રતિવાદીએ ઉપરોકત રકમની ચુકવણી કરવામાં બેદરકારી દાખવેલ હોવાનું જણાઈ આવતું હોઈ મુદ્દા નં.૨નો જવાબ "હકાર"માં આપવામાં આવે છે અને ઉપરોકત કરેલ ચર્ચાઓને અનુસાર આ કામના વાદી હાથ ઉછીની રકમ પર અંશતઃ વ્યાજ મેળવવા હક્કદાર થતા હોઈ તે મુદ્દા નં.૩નો જવાબ "અંશતઃ હકાર"માં આપવામાં આવે છે, જેથી

વાદી આ કામે દાવામાં માંગ્યા મુજબની દાદ મેળવવા અંશતઃ હક્કદાર થતા હોઈ ઉપરોકત કરેલ મુદ્દાઓની ચર્ચાને અનુસાર **મુદ્દા નં.૪નો પણ જવાબ અંશતઃ "હકાર"માં ઠેરવી મુદ્દા નં.૫ અન્વયે આખરી હુકમ કરવામાં આવે છે.**

**<u>હુકમ</u>**

(એ) વાદીનો દાવો અંશતઃ મંજુર કરવામાં આવે છે.

(બી) આ કામના પ્રતિવાદીએ વાદીની હાથ ઉછીની લ્હેણી રકમ રૂા.૨,૨૫,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પચ્ચીસ હજાર પુરા) દાવા દાખલ તારીખથી વસુલ મળતા સુધી વાર્ષિક ૬% ના વ્યાજ સહિત પોતાની જાત તથા હરેક પ્રકારની મિલ્કતથી સંયુક્ત કે વિભકત રીતે ચુકવી આપવા તેવો પ્રતિવાદીઓને હુકમ કરવામાં આવે છે.

(સી) આ દાવાનું તમામ ખર્ચ તમામ પક્ષકારોએ પોતે પોતાનું જાતે ભોગવવું.

(ડી) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આજરોજ તા.૧૬મી માહે–માર્ચ, સને–૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

કઠલાલ.
તા.૧૬–૦૩–૨૦૨૬

(એ. એલ. પઠાણ)
પ્રિન્સીપાલ સિવીલ જજ
કઠલાલ.
જજ કોડ નં.જીજે.૦૧૬૮૪